# Day to Day Current Affairs

17.Dec 2015

## ૧. ઇસરોએ સિંગાપોરના છ સેટેલાઇટ લોન્સ કર્યા :

- તાજેતરમાં ઈસરોએ 16 ડિસેમ્બર, 2015 ના રોજ સિંગાપોરના 6 સેટેલાઈટનું સફળ લોન્ચિંગ કર્યું.
- આ લોન્ચિંગ શ્રી હરીકોટા સ્થીત સતિષ ધવન સ્પેસ સેન્ટરથી કરવામાં આવ્યું હતું.
- સિંગાપોરના આ 6 સેટેલાઈટનું કુલ વજન 625 કિગ્રા હતું જેમા સૌથી મોટુ TELEOS હતુ જેનુ વજન 400 કિગ્રા હતું.
- આ સેટેલાઈટનું કામ પૃથ્વીની પ્રદક્ષિણા કરી અવલોકન કરવાનુ છે.
- આ સફળ લોન્ચિંગ PSLV – C 29 રોકેટ લોન્ચર દ્વારા કરવામાં આવ્યું હતું.
- ઈસરોનુ આ મિશન વર્ષનું છેલ્લુ મિશન હતું. ઈસરોએ આ વર્ષમાં કુલ 20 સેટેલાઈટ લોન્ચ કર્યા છે જેમા 3 ભારતીય અને 17 વિદેશી છે.
- આ 6 સેટેલાઈટના સફળ લોન્ચિંગ સાથે ઈસરો અત્યાર સુધીમાં કુલ 57 વિદેશી સેટેલાઈટ લોન્ચ કરી ચુક્યુ છે.
- હાલમાં સિંગાપોર તેની આઝાદીના 50 વર્ષ ઉજવી રહ્યુ છે તેમજ ભારત – સિંગાપોરના આંતરરાષ્ટ્રીય સબંધોના 50 વર્ષ પણ પૂર્ણ થયા છે.

## ૨. ગુગલ લુન પ્રોજેક્ટ :

- હાલમાંગુગલના CEO સુંદર પીચાઈ ભારતની મુલાકાતે આવ્યા હતા.
- આ મુલાકાત દરમિયાન IT મીનીસ્ટર રવિશંકર પ્રસાદ દ્વારા ગુગલના લુન પ્રોજેક્ટને મંજુરી અપાઈ.
- લુન પ્રોજેક્ટ :
- ગુગલ દ્વારા દુરના અંતરિયાળ વિસ્તારોમાં હેવી બલુન દ્વારા ઈંટરનેટ કનેક્ટિવિટી પૂરી પાડવાનો પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે.
- આ બલુન 20 કિમી ઉંચાઈએ તરતા મુકાશે, જે 40 કિલોમીટર સુધી વાયરલેસ નેટવર્ક પુરુ પાડશે અને સોલાર પેનલથી ચલાવાશે.
- ગુગલ આ લુન પ્રોજેક્ટ BSNL ના સહીયારા પ્રયાસથી શરૂ કરશે.

### પ્રશ્નો

1. ડિસેમ્બર 2015 માં ઈસરોએ કયાં દેશના સેટેલાઈટ લોન્ચ કર્યા ? - સિંગાપોર.
2. ઈસરો દ્વારા સિંગાપોરના કેટલા સેટલાઈટ લોન્ચ કરાયા? - 6
3. ક્યાં રોકેટ લોન્ચર દ્વારા ઈસરોએ સિંગાપોરના 6 સેટેલાઈટ લોન્ચ કર્યા? – PSLV – C 29.
4. ઈસરોએ ચાલુ વર્ષ દરમિયાન કુલ કેટલા સેટેલાઈટ લોન્ચ કર્યા? – 20.
5. ઈસરોએ ચાલુ વર્ષ દરમિયાન કેટલા ભારતીય અને વિદેશી સેટેલાઈટ લોન્ચ કર્યા? – 3 – ભારતીય, 17 – વિદેશી.
6. ઈસરો દ્વારા સિંગાપોરના 6 સેટેલાઈટનું સફળ લોન્ચિંગ કઈ જગ્યાએથી કરાયું હતું? – શ્રી હરીકોટા – સતિષ ધવન સ્પેસ સેંટર.
7. ઈસરો અત્યાર સુધીમાં કુલ કેટલા વિદેશી સેટેલાઈટ લોન્ચ કરી ચૂક્યું છે? – 57.
8. ગુગલના CEO જણાવો. – સુંદર પીચાઈ.
9. ગુગલ દ્વારા ભારતમાં અંતરિયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટેવિટી પુરી પાડવા ક્યાં પ્રોજેકટની શરૂઆત થશે? – લૂન પ્રોજેકટ.
10. ગુગલના આ લૂન પ્રોજેકટમાં કઈ ભારતીય કંપની મદદ કરશે? – BSNL.

Vivekanand Academy Gandhinagar